Extra No. 69

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] **THURSDAY, MARCH 5, 2026 / PHALGUNA 14, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી માર્ચ, ૨૦૨૬

તારીખઃ ૫મી માર્ચ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

લતા બી. નાયક,

સરકારના નાયબ સચિવ.

GUJARAT BILL NO. 9 OF 2026.

GUJARAT EDUCATIONAL INSTITUTIONS SERVICES TRIBUNAL (AMENDMENT) BILL, 2026.

A BILL

further to amend the Gujarat Educational Institutions Services Tribunal Act, 2006.

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૨૭-અ ના પરંતુક અન્વયે આપવામાં આવેલી અધ્યક્ષની સંમતિથી નીચેનું વિધેયક પ્રસિદ્ધ કર્યું છે:-

સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૯.

ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્તોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છેઃ-

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

સન ૨૦૧૩ના ગુજરાતના ૨૦મા અધિનિયમની કલમ ૨ નો સુધારો.

સન ૨૦૧૩નો ગુજરાતનો ૨૦મો.

૨. ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ (જેનો આમાં હવે પછી, ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨ માં, ખંડ (ત) માં, નીચેનો પરંતુક ઉમેરવો:-

''પરંતુ રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમને બાકાત કરી શકશે.''.

સન ૨૦૧૩ના ગુજરાતના ૨૦મા અધિનિયમની અનુસૂચિ ૧ નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, અનુસૂચિ ૧ માં,-

(૧) અનુક્રમાંક ૧ થી ૯ પરની નોંધો કમી કરવી;

(૨) અનુક્રમાંક ૧૪ પરની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી:-

અનુક્રમાંક	રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ	અધિનિયમનો ક્રમાંક અને વર્ષ
(૧)	(૨)	(૩)
''૧૫.	ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૨૩.	સન ૨૦૨૩નો ગુજરાતનો ૧૫ મો.''.

ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, શૈક્ષણિક ટ્રિબ્યુનલોને લગતા કાયદા એકત્રિત કરવા અને સુધારવા માટે, ગુજરાત શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ, ૨૦૦૬ અધિનિયમિત કર્યો છે જેથી કરીને, તેમાં એકરૂપતા લાવી શકાય અને રાજ્યમાંની શૈક્ષણિક સંસ્થાઓના અધ્યાપકીય અને બિન-અધ્યાપકીય સ્ટાફના સભ્યોની સેવાની શરતોને લગતી તકરારોનો નિર્ણય કરવાના હેતુ માટે, ટ્રિબ્યુનલની રચના માટેની જોગવાઈ કરી શકાય. સદરહુ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમની અનુસૂચિ ૧, અમુક અધિનિયમો નિર્દિષ્ટ કરે છે જેની હેઠળ વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ક્રાન્તિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

વર્ષ ૨૦૨૩માં, ઉપર્યુક્ત યુનિવર્સિટીઓને લગતા કાયદા એકીકૃત કરવા માટે, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૨૩ અધિનિયમિત કરવામાં આવ્યો છે અને ઉપર્યુક્ત યુનિવર્સિટીઓને લગતા આવા તમામ અધિનિયમોને, સન ૨૦૨૩ના સદરહુ અધિનિયમથી રદ કરવામાં આવ્યા છે. અને તેથી, સદરહુ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમની અનુસૂચિ ૧માં, ઉપર્યુક્ત યુનિવર્સિટીઓને લગતા અધિનિયમોની નોંધો કમી કરીને અને સદરહુ અનુસૂચિ ૧માં, ગુજરાત પબ્લિક યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૨૩ની નવી નોંધ ઉમેરીને, પરિણામસ્વરૂપ સુધારો કરવાનું જરૂરી જણાય છે. વધુમાં, સદરહુ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમની કલમ ૨-ના ખંડ (ત)માં પણ સુધારો કરવા ધાર્યું છે જેથી કરીને, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમને બાકાત કરી શકાય.

આ વિધેયકથી, ઉપર્યુકત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, સદરહુ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

ડો. પ્રદ્યુમન વાજા,

ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૨) થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૨.- આ કલમથી ઉમેરવા ધારેલા, સદરહુ શૈક્ષણિક સંસ્થા સેવા ટ્રિબ્યુનલ અધિનિયમની કલમ ૨ના ખંડ (ત) ના નવા પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અનુસૂચિ ૧માં નિર્દિષ્ટ કરેલા રાજ્ય વિધાનમંડળના કોઈ અધિનિયમને બાકાત કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨જી માર્ચ, ૨૦૨૬. **ડો. પ્રદ્યુમન વાજા.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. લાલા,

ગાંધીનગર, ગુજરાત સરકારના સચિવ,
તારીખ: ૫મી માર્ચ, ૨૦૨૬. વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.05.05 10:05:23 IST